ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૨૦૩૪૧ બાળકોને પાંડુરોગ : ૫,૯૮,૦૬૬ની આરોગ્ય ચકાસણી

## બે વર્ષમાં ૧૩૭ બાળકોને હૃદયરોગની સારવાર અપાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૯૮,૦૬૬ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે. આ પૈકી ૨૦૩૪૧ બાળકો પાંડુરોગથી પીડાતા હોવાનું માલુમ થયું હતું. જયારે ૧૩૭ બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના જવાબમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શાળા આરોગ્ય ચકાસણીના અંતે બે વર્ષમાં ૫,૯૮,૦૬૬ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૦૩૪૧ને પાંડુરોગ, ૮૩૪૦ આંત્રકૃમિ, ૪૫૪૩ને દાંતની તકલીફ, ૨૭૩૩ને આંખની તકલીફ, ૨૨૬૫ને કાન-નાક ગળાની તકલીફ માલુમ પડી હતી. આ ઉપરાંત ૮૬૧ પેટના, ૨૦૪૯ ચામડીના, ૪૩ શરીરની સ્થુળતાના, ૨૪ માનસિક તાણની તકલીફ ધરાવતા હોવાનું સ્પષ્ટ થયું હતું. જિલ્લામાં ૧૫૨૮ને શ્વસનતંત્રનો રોગ, ૧૩ને ચેતાતંત્ર, ૧૯ અસ્થિતંત્રના રોગનો શિકાર બન્યા હોવાનું પણ જણાવાયું હતું. ૨૮૮ બાળકો વિકલાંગતા તેમજ ૩૯૯૭ બાળકોને અન્ય શારિરીક તકલીફ હોવાનું પણ આરોગ્ય ચકાસણીના અંતે ધ્યાને આવ્યું હતું. હૃદય, કિડની અને કેન્સરની ગંભીર બિમારી ધરાવતા વિદ્યાર્થીઓને અમદાવાદ હોસ્પિટલમાં વિના મુલ્યે સારવાર પુરી પાડવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૩૭ બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી છે.

**ગાંધીનગરથી દિલ્હી-મુંબઈ સહીતની નવી ટ્રેઈનો શરૂ કરવા કોઈ પ્રતિભાવ નથી**

ગાંધીનગરથી ન્યુ દિલ્હી અને મુંબઈ સહીતની નવી ટ્રેઈનો શરુ કરવા માટે રાજય સરકારે બે વર્ષમાં ત્રણ વાર રજૂઆત કરી આમ છતાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી. કડીના ધારાસભ્ય રામસિંહ ચાવડાના પ્રશ્ન સંદર્ભે માર્ગ મકાન મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં રેલવે મંત્રાલયને ત્રણવાર રજૂઆત કરવામાં આવી હતી આમ છતાં રજુઆતો અન્વયે કોઈ પ્રતિભાવ મળ્યો નથી.

**જિલ્લામાં ૯૨ નંદ ઘર બનાવવા ૪.૮૫ કરોડનો ખર્ચ થયો**

જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૯૨ નવા નંદ ઘર બનાવવામાં આવ્યા છે. આ માટે રૂ. ૪૮૫૮૫૯૮૫.૫૧નો ખર્ચ કરવામાં આવ્યો છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં હજુ ૧૬૪ નંદ ઘર બનાવવાના બાકી છે જયારે બાકી પૈકી ગ્રામ્ય વિસ્તારના ૫૯ અને નગરપાલિકા વિસ્તારના ૬૦ આંગણવાડી કેન્દ્રો મળીને કુલ ૧૧૯ મકાન બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. બાકી રહેતા ૪૫ આંગણવાડી કેન્દ્રો બનાવવાની કાર્યવાહી પણ ટૂંકમાં હાથ ધરાશે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

**કિશોરી શકિત યોજના હેઠળ ૨૨૪૦૯૧ લાભાર્થીઓ આવરી લેવાયા**

જિલ્લામાં કિશોરી શકિત યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૨૪૦૯૧ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.બાપુનગરના ધારાસભ્ય જગરૂપસિંહ રાજપુતના પ્રશ્નના ઉત્તરમાં મહીલા અને બાળ કલ્યાણમંત્રીએ આમ જણાવ્યું હતું.

**કલોલ-ધમાસણા માર્ગનું ૭ કરોડના ખર્ચે નવીનીકરણ થશે**

કલોલ સિંદબાદ હોટલથી ધમાસણાને જોડતા રસ્તાના નવીનીકરણ માટે રૂ. ૭ કરોડની મંજુરી આપવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાનમંત્રીએ જણાવ્યું હતું કે વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયા બાદ આ રસ્તાનું કામ હાથ ધરાશે. હાલ આ રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

**ગાંધીનગરથી ન્યુ દિલ્હી-મુંબઈ સહીતની નવી ટ્રેઈનો શરુ કરવા માટે રાજય સરકારે બે વર્ષમાં ત્રણ વાર રજૂઆત કરી આમ છતાં કોઈ પ્રતિભાવ નથી**

# સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે વહેલી સવારે જીએસપીસી ગેસની મુખ્ય લાઈનમાં લીકેજ થતાં આગ

## વાવોલના રબારી વાસમાં ગેસ સીલીન્ડર લીકેજ થતા આગનો ભડકો : આગના બંને બનાવોમાં કોઈ જાનહાની નહી



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ગઈ રાત્રે અને વહેલી સવારે આગના બે વિવિધ બનાવો બનવા પામ્યા હતાં. વાવોલના રબારી વાસમાં ગેસ સિલીન્ડર લીકેજ થતાં આગનો ભડકો થયો હતો જયારે આજે વહેલી સવારે સે-૩૦ ઝુલેલાલ મંદિર પાસેથી પસાર થતી જીએસપીસીની મુખ્ય ગેસ લાઈનમાં લીકેજ થતા આગ ભભુકી હતી. બે આગના બનાવો અંગે જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી કાબુ લઈ લીધો હતો સદભાગ્યે આ બંને આગના બનાવોમાં કોઈ જાનહાની કે મોટી માલહાની થવા પામી ન હતી.

વાવોલ ગામના પ્રવેશદ્વાર પાસે સ્થિત રામદેવ મંદિર પાસેની ગલીમાં સ્થિત રબારી વાસમાં ગઈ મોડી સાંજે ગેસ સીલીન્ડર લીકેજ થયા બાદ આગ લાગી ગઈ હતી. ફાયર બ્રિગેડને જાણ થતા જ ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ વધુ પ્રસરે કે મોટું નુકશાન કરે તે પહેલા કાબુમાં લઈ લેવાઈ હતી તો બીજી તરફ આજે વહેલી સવારે સે-૩૦ ઝુલેલાલ મંદિર પાસે જીએસપીસીની મુખ્ય લાઈનમાં ગેસ લીકેજ થયા બાદ આગ લાગી હતી. તાત્કાલીક કોલ મળતા જ ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવ્યો હતો તો બીજી તરફ જીએસપીસીની ટીમે લાઈનને બ્લોકીંગ કરી દીધી હતી. ગણતરીની મીનીટોમાં આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી સદનસીબે આગની બંને ઘટનાઓમાં કોઈ મોટું નુકશાન કે જાનહાની થવા પામી ન હતી.

# છેલ્લા ૫ વર્ષમાં જિલ્લામાં પોલીસ કસ્ટડીમાં ૩ કેદીના મોત

## બે કેદીઓએ આત્મહત્યા કરી એકનું કુદરતી મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ત્રણ કેદીઓના મોત પોલીસ કસ્ટડીમાં થયા છે. આ પૈકી બે કેદીઓએ આત્મહત્યા કરી છે.

વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીએ કેદીઓના પોલીસ કસ્ટડીમાં મોત અંગે પ્રશ્ન રજૂ કર્યો હતો જેના લેખિત જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા પાંચ વર્ષમાં ત્રણ કેદીઓના મોત પોલીસ કસ્ટડીમાં થયા છે. જયારે આ પૈકી ૨ કેદીઓએ આત્મહત્યા કરી હોવાનું પણ ઉત્તરમાં જણાવાયું છે. આ ઉપરાંત એક કેદીનું મોત કુદરતી રીતે થયું છે. રાજયમાં સુરત શહેરમાં સૌથી વધુ પોલીસ કસ્ટડીમાં ૭ કેદીઓના મોત થયા હોવાનું પણ જણાવાયું છે.

# ભારતના કારમા પરાજયથી ક્રિકેટપ્રેમીઓમાં ભારે હતાશા

## મેચ દરમિયાન નગરના રસ્તા સુમસામ બન્યા : રોમાંચક મુકાબલાની જગ્યાએ મેચ એક તરફી બની જતા ક્રિકેટ રસિકો નિરાશ થયા : સોશ્યલ મિડિયા પર ક્રિકેટરોની ભારે ઠઠ્ઠા મશ્કરી

ગાંધીનગર, તા.૨૬

આજે ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલ આઈસીસી વર્લ્ડકપની ફાઈનલ મેચ એક હાઈ વોસ્ટેજ મુકાબલો સાબિત થશે તેવું લાગતું હતું પરંતુ આ મેચ એક તરફી બની જતા ક્રિકેટ રસિયાઓમાં ભારે નિરાશા છવાઈ હતી. મેચના સમય દરમિયાન સમગ્ર ગાંધીનગરમાં ટ્રાફિક ખૂબ ઓછો જોવા મળ્યો હતો અને નગરના મોટા ભાગના માર્ગો ભારતના દાવ વખતે સુમસામ જણાતા હતા.



(તસવીર : દિપક જાની)

વહેલી સવારથી જ લોકોએ મેચ માણવાની પૂર્વ તૈયારીઓ કરી દીધી હતી અને અગાઉથી આયોજન કર્યા મુજબ પારિવારિક મિત્રો કે સગાસંબંધીઓ અથવા સહકર્મચારીઓ સાથે નિયત સ્થળે લોકો ટીવી સામે ગોઠવાઈ ગયા હતાં. મેચના પ્રારંભે જ ભારત ટોસ હારી જતા થોડીક નિરાશા છવાઈ હતી પરંતુ ભારતે ઓસ્ટ્રેલિયાની પહેલી વિકેટ ઝડપતા દર્શકો ગેલમાં આવી ગયા હતા. જો કે બીજી વિકેટની ભાગીદારીએ ઓસ્ટ્રેલિયાને મેચ વીનીંગ સ્કોર બનાવવા માટેનો પાયો નાંખી દીધો હતો. અને સ્કોર ૩૦૦થી ઉપર જતાં જ નગરના ક્રિકેટ રસિયાઓ વિવિધ તર્કવિતર્ક કરવા લાગ્યા હતા જેમાં રન ચેઝ કરી શકવા અંગે ચિંતા સ્પષ્ટ વર્તાઈ આવતી હતી.

જો કે વર્લ્ડકપની લીગ મેચોમાં ભારતના બેટસમેનોનું પ્રશંસનીય પ્રદર્શન હોવાથી અને મોટા ભાગના બેટસમેનો ફોર્મમાં હોવાથી ક્રિકેટ પ્રેમીઓને ભરોસો હતો કે ભારત થોડી રસાકસી સાથે પણ મેચ જીતી લેશે. પરંતુ એક પછી એક પડતી વિકેટ અને વિરાટ-રૈના વગેરની નિષ્ફળતાએ દર્શકોમાં હતાશા ફેલાવી દીધી હતી. ટપોટપ પડતી વિકેટો પછી ઘણા લોકોએ મેચ છોડી પેન્ડિંગ કાર્યો પુરા કરવામાં સમય આપવો વધુ ઉચિત સમજ્યુ હતું. જેમ જેમ મેચ ટીમ ઈન્ડિયાના હાથમાંથી સરકતી ગઈ તેમ તેમ વોટસએપ વગેરે પર વિવિધ ઠઠ્ઠા મશ્કરીના મેસેજ પણ શેર થવા લાગ્યા હતા. ઘણા ક્રિકેટ પ્રેમી કિશોરોની આંખમાં આંસુના તોરણ બંધાવા લાગ્યા હતા તો અનેક લોકોએ વિવિધ બાધા આખડીઓ મનોમન માની ચમત્કાર માટે પ્રાર્થના-દુવા કરવાનું ચાલુ કરી દીધું હતું.

મેચ પત્યા બાદ પણ ઠેરઠેર મેચની જ ચર્ચાઓ ચાલી હતી અને લોકો ભારતની હારથી હતાશ થઈ કામમાં પણ મન પરોવી શકયા નહોતા. સોશ્યલ મિડિયા પર છેલ્લા અઠવાડિયાથી જે લોકો ભારતીય ક્રિકેટરોને માથે બેસાડીને ફરતા હતા તે લોકોએ આજે તેમની ઠઠ્ઠા મશ્કરીમાં કશું બાકી રાખ્યું નહોતું. ઘણા ક્રિકેટ રસિયાઓએ યુવરાજસિંહને પણ યાદ કર્યો હતો અને મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપ પર પણ સવાલ ઉઠાવ્યા હતાં. જો કે સૌથી વધુ માછલાં તો વિરાટ કોહલી અને તેની ગર્લફ્રેન્ડ અનુષ્કા શર્મા પર ધોવાયા હતાં. લોકોએ તેમને ભાંડવામાં કોઈ જ કસર છોડી નહોતી. સરવાળે ટીમ ઈન્ડીયાના આજના પ્રદર્શને ક્રિકેટ પ્રેમીઓને ખૂબ જ હતાશ કરી દીધા હતા.

# વાદળછાયા વાતાવરણમાં પણ ગરમીનો પારો યથાવત

## મહત્તમ ગરમી ૪૧.૫ ડિગ્રી સે. લઘુત્તમ ૨૫.૨ ડિગ્રી સે.

## ફરી કમોસમી વરસાદની શકયતાએ ચિંતાનું મોજુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં આજે વાતાવરણ મહદઅંશે વાદળછાયુ રહેતા ફરી એકવાર કમોસમી વરસાદનો ભય મંડરાઈ રહ્યો છે. જો કે આજે દિવસ દરમિયાન તાપમાનનો પારો મહત્તમ ૪૧.૫ ડિ.સે. તેમજ લઘુત્તમ ૨૫.૩ ડિ.સે. રહેવા પામ્યો હતો.

સવારથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ થોડુંક વધારે હોવાનું અનુભવાયું હતું. હવામાન ખાતાના આંકડા મુજબ સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૦ ટકા હતું તે સાંજે ઘટીને ૨૭ ટકા સુધી રહેવ પામ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન આકાશમાં છુટા છવાયા વાદળોને કારણે વચ્ચે વચ્ચે તડકામાં રાહત મળી હતી. આજે દિવસ દરમિયાન મોટા ભાગની ઓફિસો અને ઘરોમાં નગરજનો ભારત-ઓસ્ટ્રેલિયાની વર્લ્ડકપ સેમી ફાઈનલ મેચમાં વ્યસ્ત રહ્યા હોવાથી શહેરના રાજમાર્ગો પર વાહન વ્યવહારનું પ્રમાણ રૂટિન કરતા ઓછું જોવા મળ્યું હતું.

આ વખતે માર્ચ મહિનામાં જ બે ત્રણ વાર મોસમના મિજાજમાં પલ્ટા આવ્યા હતા અને માવઠા સાથે બરફના કરાંનો પણ અનુભવ થયો હતો. આજે પણ વાદળે દેખા દેતા આકરી ગરમીમાં રાહત અનુભવાઈ હતી પરંતુ સાથે સાથે માવઠાની શકયતા પણ જણાતા ખેડૂત આલમમાં ફરી ચિંતાનો માહોલ સર્જાયો હતો. દિવસ દરમિયાન આજે પવનની હાજરી પણ જણાઈ હતી.



કાર્યભાર - ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન પદે વરણી પામેલ શ્રીમતી ઉષાબેન મનુભાઈ પટેલે આજે વિધિવત કાર્યભાર સંભાળતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા પંચાયતના સભ્યો અને સ્ટાફ પરિવારના સભ્યોએ પણ શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# શાકભાજી-કઠોળનો બમ્પર પાક થયો છતાં ભાવ આસમાને

ગાંધીનગર, તા. ૨૬

સપ્લાય ચેઈન ખામીયુક્ત હોવાથી શાકભાજી અને કઠોળનું વધુ ઉત્પાદન હોવા છતાં ગ્રાહકોને તે ઉંચા ભાવે મળે છે. ખેતપેદાશોના ઉંચા ભાવનો લાભ ખેડૂતોને મળતો નથી અને ગ્રાહકોને ઓછા ભાવે ચીજવસ્તુઓ મળતી નથી. હોલસેલ અને રીટેઈલ ભાવ વચ્ચે ૬૦ ટકા જેટલો તફાવત રહેતા વધુ ઉત્પાદન છતાં ભાવ નીચા આવતા નથી.

શિયાળુ પાક મબલખ હોવા છતાં શાકભાજી તથા કઠોળના ભાવો નીચા આવતા નથી. ડુંગળી, ટમેટા, વટાણા, કોબીજ સહિતના શાકભાજી ગત વર્ષ કરતા ૫૦ ટકા મોંઘા છે. રીંગણા તથા ફલાવરના ભાવ ૪૦ ટકા ઉંચા છે. નેશનલ હોરીકલ્ચર બોર્ડના આંકડા જ શાકભાજી મોંઘા હોવાનું સૂચવે છે.

દેશના મુખ્ય ૩૦ શહેરોના ભાવોના પૃથ્થકરણના આધારે તૈયાર કરાયેલા રીપોર્ટમાં જણાવાયું છે કે શાકભાજીના ભાવ સરેરાશ કરતાં ઉંચા છે. અમદાવાદ સહિતના શહેરોમાં ટમેટાના ભાવ ગત વર્ષ કરતાં ડબલ છે. જયપુર-સીમલા સહિતના શહેરોમાં ડુંગળીના ભાવ ૭૦ ટકા વધુ છે. મુંબઈ, અમદાવાદ જેવા શહેરોમાં ફલાવર ગત વર્ષ કરતાં ડબલ ભાવે વેચાય છે. આ જ રીતે ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા ૬૮

● અનુસંધાન પાન-૭ પર

# ઝળહળતા કોબા માર્ગ પર ચાર દિવસથી અંધારુઘોર

## વાયબ્રન્ટ સમિટ સમયે આકર્ષકનું કેન્દ્ર બનેલ કોબા માર્ગ પર લાઈટો ડુલ રહેતા વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા. ૨૬

વાઈબ્રન્ટ સમિટ વેળાએ આકર્ષક ભાસતા ગાંધીનગર-કોબા માર્ગ પર છેલ્લા ચાર દિવસથી અંધારપટ છવાયેલો છે. શાહપુર સર્કલથી કોબા માર્ગ પર લાઈટો ડુલ રહેતા વાહનચાલકો પણ દિશા વિહોણા બની જાય તેવી સ્થિતિ છે. અંધારપટના લીધે ભયગ્રસ્ત માહોલ સર્જાયો છે.

ગત જાન્યુઆરી મહિના દરમિયાન વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સમગ્ર શહેરની સાથે ગાંધીનગર કોબા માર્ગને પણ ચકાચક અને સુશોભિત કરવામાં આવ્યો હતો. કોબા માર્ગ પર આમ પણ વી.આઈ.પી.ઓની અવરજવર હોવાથી માર્ગ આસપાસ ફેન્સીંગ તેમજ સુશોભન સહીતની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ હાલ આ માર્ગ પર અંધારપટ છવાયેલો છે. ચ-૦થી કોબા માર્ગ પર દિવસ તેમજ રાત્રીના પણ ટ્રાફીકનો ધમધમાટ રહે છે. જ્યારે માર્ગ સલામતીના પરિબળોને અનુલક્ષીને પણ તંત્ર દ્વારા આ માર્ગ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી માર્ગ આસપાસ ફેન્સીંગ લગાવવામાં આવી છે. પરંતુ છેલ્લા ચાર દિવસથી આ માર્ગ પર લાઈટો ડૂલ થઈ જતા રાત્રીના સમયે અંધારપટ છવાયેલો જોવા મળે છે. જેના પરિણામે વાહનચાલકોને પણ હાલાકી ભોગવવી પડે છે. રાત્રીના ઘનઘોર અંધારપટ વચ્ચે અકસ્માતનો પણ ભય સેવાઈ રહ્યો છે. આ માર્ગ પર ત્વરિત અજવાળુ પથરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અધતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩

વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY

Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT

KisaN

ashirvad

C. PVC, UPVC

TATA

STEEL • PIPES • SHEETS

VINAYAK 500

TMT BARS - ISI

BENELAVE

BATH FITTINGS

DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com